હરિગીત
(૧૦૦) શુભ ને અશુભના ભેદથી જે બે-પણાને પામતું,
તે કર્મ પણ જેના ઉદયથી ઐક્યતાને ધારતું,
,કદૂર કરી છે મોહરજને અતિ અતિ જેણે અહો!
પામે સ્વયં છે ઉદયને ચંદ્રમા તે જ્ઞાનનો ૧૦૦
(દોહરા)
(૧૦૧) શૂદ્રાણીને પુત્ર બે જન્મ્યા એક જ સાથ,
ઉછેર્યો નિજ ઘર એક ને બીજો બ્રાહ્મણ સાથ;

'શૂદ્ર છું' પહેલો માનીને , કરતો મદિરા-સ્નાન,
બીજો સ્પર્શે પણ નહીં ' હું બ્રાહ્મણ '- એ ભાન;
શૂદ્રાણીના ઉદરથી જન્મ્યા છે એક સાથ,
પરમાર્થે બન્નેયને તેથી શૂદ્ર જ જાણ;
જાતિભેદના ભ્રમ થકી બેઉ પ્રવર્તે આમ,
પુણ્ય-પાપ એ બે વિષે હે જીવ આમ જ જાણ. ૧૦૧
(હરિગીત)
(૧૦૨) હેતુ, સ્વભાવ અને અનુભવ તેમ આશ્રય પણ થકી,
હો પુણ્ય કે હો પાપ નિશ્ચય કર્મભેદ કંઈ નથી;
તેથી નિયમથી બંધઆશ્રિત કર્મ સઘળું છે વળી,
તે બંધહેતુ હોઈને છે કર્મ એકાએક નક્કી. ૧૦૨યક
(૧૦૩) છે બંધકારણ કર્મ સઘળું એમ સર્વજ્ઞે કહ્યું ,
તેથી નિષેધ્યું કર્મને ને જ્ઞાન શિવહેતુ જ ઠર્યું .

(૧૦૪) સુકૃત ને દુષ્કૃત એવા સર્વ કર્મ નિષેધથી,
નિષ્કર્મ પ્રવર્તતા મુનિઓ કંઈ અશરણ નથી;
છે શરણ મુનિને જ્ઞાનમાં આચરણ કરતા જ્ઞાનનું,
એ જ્ઞાનમાં લીન મુનિવરોને અનુભવન અમૃતતણું. ૧૦૪
(૧૦૫) ધ્રુવ અચલરૂપે આતમા આ જ્ઞાનરૂપ થયો થકો,
છે મોક્ષરૂપ સ્વયં અને છે હેતુ તેથી મોક્ષનો;
છે બંધરૂપ બીજું બધું ને હેતુ તેથી બંધનું ,
કરજે અનુભૂતિ જ્ઞાનની એવું વિધાન જિને કર્યું. ૧૦૫
(દોહરા)
(૧૦૬) જ્ઞાનભાવનું પરિણમન જ્ઞાનભાવમય હોય,
એક જ દ્રવ્યસ્વભાવ તે હેતુ મુક્તિનો હોય; ૧૦૬
(૧૦૭) કર્મભાવનું પરિણમન જ્ઞાનરૂપ ના હોય
અન્યદ્રવ્ય સ્વભાવ તે હેતુ મુક્તિનો ન્હોય ૧૦૭
(૧૦૮) કર્મો છે શિવહેતુના તિરોધાન કરનાર,
બંધસ્વરૂપી કર્મનો તેથી નિષેધ જાણ. ૧૦૮
(હરિગીત)
(૧૦૯) મોક્ષાર્થીને સઘળુંય કર્મ જ ત્યાગ કરવાયોગ્ય છે,
છે ત્યાજ્ય સઘળું તો પછી શું પુણ્ય-પાપની વાત છે;
એ ત્યાગીને સમ્યક્ત્વ આદિ નિજ સ્વભાવરૂપે થતાં,
નિષ્કર્મરૂપનું બહુ રસીલું જ્ઞાન આવે દોડતાં. ૧૦૯
(૧૧૦) આ કર્મવિરતિ જ્યાં લગી પરિપૂર્ણતા પામે નહિ,
છે કર્મધારા જ્ઞાનધારા એક સાથે ત્યાં લગી;

નથી દોષ એમાં કાંઈ, પણ છે કર્મધારા બંધમય,
ને પરમ જ્ઞાન, વિમુક્ત જે, તે એક છે બસ મુક્તિમય. ૧૧૦
(૧૧૧) કર્મનય અવલંબનારા જ્ઞાનહીન જનો ડૂબે,
ને જ્ઞાનનયના ઇચ્છુકો અતિમંદ ઉદ્યમથી ડૂબે;
પણ જ્ઞાનરૂપ થયા થકા જે કર્મવિરહિત થાય છે,
અપ્રમાદી એવા જીવથી ભવજલધિ પાર કરાય છે. ૧૧૧
(૧૧૨) શુભ ને અશુભ બે કર્મ એવા ભેદના ઉન્માદનો,
કરી ધ્વંસ મૂળથી જ્ઞાનજ્યોતિ અતિ પ્રબળ પ્રગટી અહો !
અજ્ઞાનતમ ક્વલિત થયો એ જ્ઞાનની જ્યોતિ વડે ,
વિકસી સહજ ક્રીડા કરે જે પરમજ્ઞાનની કેડીએ. ૧૧૨
આસ્રવ અધિકાર (કળશ ૧૧૩થી ૧૨૪)
(હરિગીત)
કળશ૧૧૩ આવેલ સમરાંગણ મહીં મદમસ્ત આસ્રવભાવ જે,
સહેજે જીતે છે જ્ઞાનરૂપી ધનુર્ધર એને હવે;
ઉદાર છે અત્યંત એવો ઉદય દુર્જય જ્ઞાનનો,
ગંભીર છે, અતિ વીર છે, વળી ઉદય એવા જ્ઞાનનો. ૧૧૩
was એ ઉદય જ્ઞાન તણો અહો! ૧૧૩
(હિન્દી પદ્યાનુવાદ પરથી
(હરિગીત)
આખું જગત જીતી રહ્યો ઉન્મત્ત આસ્રવભાવ આ,
સમરાંગણે આવેલ મદમાતો મહા છે ભાવ આ;
મર્દન કરે રણભૂમિમાં એ ભાવનું જે જ્ઞાન તે-
છે ધીર ને ગંભીર છે, રમીએ અહો એમાં અમે. ૧૧૩
કળશ ૧૧૪ (હરિગીત)
આ દ્રવ્યકર્મોના સમૂહનો છે નિરોધક ભાવ જે,
છે રાગ-દ્વેષ- વિમોહ વિણ સદ્‌જ્ઞાન નિર્મિત ભાવ જે;
ભાવાસ્રવોથી રહિત જે આ જીવનો નિજભાવ છે,
તે જ્ઞાનમય શુધ્ધાત્મમય નિજ આતમાનો ભાવ છે. ૧૧૪
કળશ ૧૧૫ (દોહરા)
દ્રવ્યાસ્રવથી ભિન્ન જે સ્વભાવથી સ્વયમેવ,
ભાવાસ્રવથી જે વળી અભાવને પામેલ;
સર્વ પ્રકારે આ રીતે નિરાસ્રવી જે હોય,
એક જ્ઞાનમય ભાવવંત જ્ઞાયક માત્ર જ હોય. ૧૧૫
સક (OR)
(દોહરા)
દ્રવ્યાસ્રવથી ભિન્ન જે સ્વભાવથી સ્વયમેવ,
ભાવાસ્રવથી જે વળી અભાવને પામેલ;
એક જ્ઞાનમય ભાવવંત જ્ઞાયક માત્ર જ
બસ જે હોય,
સર્વ પ્રકારે આ રીતે નિરાસ્રવી તે હોય. ૧૧૫
જ્ઞાની આત્મા આ રીતે નિરાસ્રવી બસ હોય. ૧૧૫
(દોહરા)
કળશ ૧૧૬
જ્યારે કોઇ આતમા આતમજ્ઞાની થાય,
બુધ્ધિપૂર્વક રાગનો કરે સદા પરિત્યાગ;

વળી સ્પર્શી નિજશકિતને વારંવાર અથાગ,
છોડંતો એ જ્ઞાની પણ અબુધ્ધિપૂર્વક રાગ;
જ્ઞાનરૂપ થયો થકો ઉખેડતો પરભાવ,
એથી જ્ઞાનીને સદા નિરાસ્રવી તું જાણ. ૧૧૬
કળશ ૧૧૭ (દોહરા)
દ્રવ્યાસ્રવની સંતતિ વિદ્યમાન જો હોય,
તોપણ તે જ્ઞાની સદા નિરાસ્રવી કાં હોય? ૧૧૭
કળશ ૧૧૮ (હરિગીત)
સત્તારૂપે જે દ્રવ્યકર્મો પૂર્વ જીવ નિબધ્ધ છે,
તે ઉદય પામી આપતાં ફળ અનુસરી નિજ સમયને;
પણ રાગદ્વેષ વિભાવ સર્વે વર્તતા નહિ જ્ઞાનીને,
નિર્મોહી એવા જીવને તેથી ન બંધન થાય છે. ૧૧૮
કળશ ૧૧૯ (દોહરા)
રાગદ્વેષ ને મોહ છે કેવળ બંધકભાવ;
જ્ઞાનીને તે છે નહીં, તેથી બંધ અભાવ. ૧૧૯
કળશ ૧૨૦ (હરિગીત)
જે જ્ઞાન ઉધ્ધત ચિહ્નવંતા શુધ્ધનયના આશ્રયે,
કરતા સદા ઐકાગ્ર્યનો અભ્યાસ નિજ આતમ વિષે;
રાગાદિથી વિરહિત ચિત્તે જ્ઞાની વર્તે એ રીતે,
ને બંધરહિત તે નિરંતર સમયસાર અનુભવે. ૧૨૦
કળશ ૧૨૧ (હરિગીત)
જીવ શુધ્ધનયથી ચ્યુત થઇ ફરી રાગમાં જોડાય જે,
ને આત્મજ્ઞાન રહિત થઈને જીવ જે વર્તે ખરે;

તે પૂર્વસંચિત આસ્રવોથી કર્મબંધ નવો કરે,
જે બંધ વિવિધ પ્રકારના વિધ વિધ ભેદ સહિત છે. ૧૨૧
કળશ ૧૨૨ (હરિગીત)
તાત્પર્ય સર્વ કથન તણું કે શુધ્ધનય ત્યજવો નહીં ;
છે બંધ એના ત્યાગથી ને મોક્ષ એના ગ્રહણથી. ૧૨૨
કળશ ૧૨૩ (હરિગીત)
ધીર ને ઉદાર અહો! મહિમાવંત અજર અનંત જે,
તે જ્ઞાનમાં સ્થિરતા કરંતો કર્મનાશક ભાવ જે;
સદ્ ધર્મીઓ તે શુધ્ધનયને ના કદીએ છોડતા,
પરલક્ષી વૃત્તિ સમેટીને નિજ જ્ઞાનઘનને દેખતા. ૧૨૩
કળશ ૧૨૪ (હરિગીત)
ઉદ્યોત જેનો નિત્ય એવી પરમવસ્તુ દેખતા,
ને સર્વ રીતે શીઘ્ર જેના આસ્રવો ક્ષય પામતા;
છે અચળ તેમ અતુલ એવું જ્ઞાન તેનું વિસ્તર્યું,
નિજરસ તણા ફેલાવથી જે સર્વ ભાવો જાણતું. ૧૨૪

સંવર અધિકાર (કળશ ૧૨૫ થી ૧૩૨
કળશ ૧૨૫ (હરિગીત)
અનાદિના સંવરજયી મદમત્ત આસ્રવભાવને
તિરસ્કૃત કરી, વિજયી થતા સંવર તણા ઉત્પાદને
કરતી થકી, આ જ્ઞાનજ્યોતિ જાગી ચિન્મય ને વળી

પરથી જુદી, ઉજ્જવળ અહો! પરિપૂર્ણ નિજરસભારથી. ૧૨૫
કળશ ૧૨૬ (હરિગીત)
આ જ્ઞાન છે ચિદ્-રૂપ કિંતુ રાગ તો જડરૂપ છે,
વહી,। કરી ઉગ્ર અભ્યાસે વિદારણ બેઉ વચ્ચે આ રીતે;
આ ભેદજ્ઞાન ઉદિત થયું છે અંતરંગે જેમને,
મુદિત બનો હે સજ્જનો! ચિત્પૂંજસ્થિત થઇ હવે. ૧૨૬
કળશ ૧૨૭ (દોહરા)
ભેદજ્ઞાન અવિરત થકી કરી પુરુષાર્થ અતીવ,
અનુભવતો નિશ્ચળપણે જે આત્મા નિશદિન;
જેમ જેમ લીનતા વધે, આનંદ વધતો જાય,
પરપરિણતિ રોધન વડે આત્મા શુધ્ધ લહાય. ૧૨૭
કળશ ૧૨૮ (દોહરા)
ભેદજ્ઞાનના બળ થકી નિજ મહિમામાં લીન
રહે, સદા તે જીવને તત્વપ્રાપ્તિ નિશ્ચિત;
પ્રાપ્તિ કરી નિજ તત્ત્વની પરદ્રવ્યોથી દૂર
વર્તે, જીવ જે તેહનો અક્ષય મોક્ષ જરૂર. ૧૨૮
કળશ ૧૨૯ (દોહરા)
ઉપલબ્ધિ શુધ્ધાત્મની ભેદજ્ઞાનથી થાય,
શુધ્ધાતમની પ્રાપ્તિથી આસ્રવરોધન થાય;
સર્વ પ્રકારે આ રીતે સંવર પ્રગટી જાય,
ભેદજ્ઞાનની ભાવના તેથી યોગ્ય જણાય. ૧૨૯
કળશ ૧૩૦ (હરિગીત)
આ ભેદજ્ઞાન અછિન્નરૂપે ત્યાં લગીને ભાવવું,
પરથી છૂટીને જ્ઞાન જ્યારે જ્ઞાનમાં જ ઠરી જતું. ૧૩૦
કળશ ૧૩૧ (હરિગીત)
જે કોઇ સિધ્ધ થયા, થયા તે ભેદજ્ઞાન-પ્રભાવથી,
જે કોઇ બધ્ધ રહ્યા, રહ્યા તે ભેદજ્ઞાન-અભાવથી. ૧૩૧
કળશ ૧૩૨ (દોહરા)
ભેદજ્ઞાન અભ્યાસથી આત્મતત્ત્વ પમાય,
ડતત્વતણી પ્રાપ્તિ થતાં રાગતણો ક્ષય થાય;
રાગભાવના વિલયથી સંવર પ્રગટી જાય,
જ્ઞાને નિશ્ચળ જ્ઞાનનો તેથી ઉદય કથાય;
જ્ઞાનભાવ નિર્મળ અહો! એક અને અમ્લાને,
ધારે જે સંતોષને, સદા રહે અવિનાશ. ૧૩૨

## નિર્જરા અધિકાર (કળશ ૧૩૩ થી ૧૬૨)

કળશ ૧૩૩ (હરિગીત)
રાગાદિ આસ્રવ રોકીને નિજ કાર્ય-ધુરા ધારતો,
આગામી કર્મ સમસ્તને દૂરેથી સંવર રોકતો;

ફેલાઈ અગ્નિ નિર્જરારૂપ પૂર્વકર્મ દહન કરે,
તેથી હવે ના જ્ઞાનજ્યોતિ રાગથી મૂર્છિત બંને. ૧૩૩
કળશ ૧૩૪
રે ભોગવે બહુ કર્મને પણ જ્ઞાની બંધ નહીં કરે;
સામર્થ્ય જ્ઞાન-વિરાગનું કારણ અહો! તેનું ખરે. ૧૩૪
કળશ ૧૩૫ (દોહરા)
વૈભવ જ્ઞાન તણો અને વિરાગતા બળ હોય,
સેવે વિષયોને છતાં ફળનું ગ્રહણ ન હોય;
તેથી સેવક જ્ઞાની જે ખરે અસેવક તે જ,
મહિમા જ્ઞાન-વિરાગની આવી અતિ કહેલ. ૧૩૫
કળશ ૧૩૬ (હરિગીત)
અવલોકવા વસ્તુત્વને નિજ ગ્રહણ-ત્યાગ વડે,
'આ હું અને પરભાવ આ'- એ ભેદ તત્ત્વથી જાણીને;
વસતો સ્વમાં તજતો બધાં જે રાગરૂપ પરભાવને,
વૈરાગ્ય-જ્ઞાનની શક્તિ હો તે નિયમથી સદ્ દ્રષ્ટિને. ૧૩૬
કળશ ૧૩૭ (હરિગીત)
હું છું સ્વયં સદ્ -દ્રષ્ટિ મુજને બંધ થાયે ના કદી,
જે રાગી માની એમ મુખને ગર્વથી ઊંચું કરી;
અવલંબતો વ્રત ને સમિતિ તોય તે પાપી ખરે,
આત્મા અનાત્મા બેઉનું સદ્જ્ઞાન નહિ તેને અરે! ૧૩૭
કળશ ૧૩૮
હે અંધ જીવો જગતના જ્યાં મત્ત થઇ સૂતા રહો,
તે અપદ છે, તે અપદ છે એ વાતને સમજો અહો;
આવો અહીં આવો તમારું સ્વપદ આ છે, આ જ છે,
નિજરસસભર ચૈતન્યમય જે શુધ્ધશુધ્ધ સુસ્થિત છે. ૧૩૮
કળશ ૧૩૯
જે અપદ વિપદાઓ તણું તે એક પદ આસ્વાદ્ય છે;
જેની સમક્ષ બીજા પદો સૌ અપદ ભાસિત થાય છે. ૧૩૯
કળશ ૧૪૦
જે જ્ઞાનરસથી પૂર્ણ એવા સ્વાદને બહુ ચાખતો,
ને દ્વંદ્વમય સહુ સ્વાદને તજી વસ્તુવૃત્તિ નિહાળતો;
છોડી વિશેષો જ્ઞાનના સામાન્યને અભ્યાસતો,
તે સકળ જ્ઞાયકભાવને બસ એકરૂપે પામતો. ૧૪૦
કળશ ૧૪૧ (હરિગીત)
પીને સમસ્ત પદાર્થનો રસ મત્ત બહુ જાણે થઇ,
ઉછળે સ્વયં સંવેદનાઓ જેની આ નિર્મળ ઘણી;
ભગવાન તે અદ્ભુતનિધિ છે ચેતનાસાગર મહા,
છે એક પણ ડોલે અનેક તરંગરૂપે જે અહા! ૧૪૧
કળશ ૧૪૨
કોઇ મતાર્થી કલેશ પામે દુઃખદ અતિ કર્મો વડે,
ને કોઇ પામે ક્લેશ જિનવર કથિત વ્રત આદિ વડે;
પણ નિરામય સંવેદ્યમાન સ્વયં અહો જે પદ અરે,
તે જ્ઞાનની નહીં પ્રાપ્તિ તેને જ્ઞાનગુણ વિના ખરે. ૧૪૨
કળશ ૧૪૩
આ જ્ઞાનરૂપી પદ ખરેખર કર્મથી દુષ્પ્રાપ્ય છે,

ને પ્રાપ્તિ એની સહજ જ્ઞાનકળા વડે અતિ સુલભ છે;
આ જ્ઞાનપદને પામવા નિજ જ્ઞાનરૂપ કળા વડે,
તેથી કરો અભ્યાસ નિશદિન, જગતના જન સહુ તમે. ૧૪૩
કળશ ૧૪૪ (દોહરા)
અચિન્ત્ય શક્તિ સહિત છે જ્ઞાની પોતે હવે,
ને ચેતન ચિંતામણિ જ્ઞાનીને જ કહેલ;
તેથી સર્વ પ્રયોજનો જેના સિધ્ધ જ હોય,
અન્ય પરિગ્રહથી કંઇ સાધ્ય ન તેને હોય. ૧૪૪
કળશ ૧૪૫ (હરિગીત)
જાણી સ્વ-પર અવિવેકમાં અજ્ઞાન છે કારણપણે,
જે જીવ ઇચ્છે ત્યાગવા અજ્ઞાનને પૂરણપણે;
છોડી પરિગ્રહ સર્વને સામાન્યરૂપે આ રીતે,
ફરી છોડતો પરિગ્રહ બધાં વિશેષરૂપે તે હવે. ૧૪૫
કળશ ૧૪૬
જો જ્ઞાનીને ઉપભોગ હો નિજ પૂર્વકર્મ વિપાકથી;
પરિગ્રહપણું પામે નહીં તે રાગભાગ અભાવથી. ૧૪૬
કળશ ૧૪૭ (દોહરા)
પળ પળ પામે પ્રલયને વૈદક- વેદ્ય વિભાવ,
કાળભેદ બન્ને મહી,વાંછિત ના વેદાય;
તેથી ન વાંછા કાંઇ પણ કરતો જ્ઞાનીજન,
સર્વ પ્રતિ રહેતો અતિ વિરક્ત એ બુધજન. ૧૪૭
કળશ ૧૪૮ (હરિગીત)
જ્યમ વસ્ત્ર વિવિધ રસાયણોથી ના કષાયિત હોય જે,
નહીં રંગ લાગે તેહને પણ બાહ્યમાં લેટી રહે;
ત્યમ જ્ઞાની રાગરૂપી વિવિધ રસથી કષાયિત હોય ના,
પરિગ્રહપણું પામે ન તેને ભોગ કર્મોદય તણા. ૧૪૮
કળશ ૧૪૯ (હરિગીત)
નિજરસ થકી જ્ઞાની સ્વભાવે રાગત્યાગી હોય છે;
રહે કર્મની મધ્યે છતાં નહીં કર્મથી લેપાય છે. ૧૪૯
કળશ ૧૫૦
પ્રત્યેક વસ્તુ નિજ સ્વભાવે પરિણમે સ્વાધીનપણે,
નહિ અન્ય કોઇ વસ્તુથી તે પરિણામે પૃથક્-પણે;
જે પરિણમે નિત જ્ઞાનરૂપ, અજ્ઞાનરૂપ બને નહીં,
હે જ્ઞાની! ભોગવ ભોગને, પરજન્ય બંધ તને નહીં. ૧૫૦
કળશ ૧૫૧
હે જ્ઞાની! તારે કર્મ કરવું યોગ્ય નથી કહીએ છતાં,
‘પરદ્રવ્યને પર માનીને હું ભોગવું’ ત્યમ માનતાં
જો કર્મ તું કરતો, કહીએ તું અરે દુર્ભુક્ત છો;
તું ભોગવે તારું નથી જે ખેદ આ મોટો અહો!
‘પરદ્રવ્યના ઉપભોગથી નથી બંધ -સિધ્ધાંતો કહે’
જો એમ તું માને કહે- છે ભોગની ઇચ્છા તને?
તું જ્ઞાનરૂપ થઇ રહે ઇચ્છા ન કર તું ભોગની,
નહીં તો તને બંધન થશે તારા જ અપરાધે નકી. ૧૫૧
કળશ ૧૫૨ (હરિગીત)
કર્તા અને ફળને ન જોડે કર્મ બળજોરી વડે,

ઇચ્છા સહિત કર્મો કરે તે પામતો ફળને ખરે;
મુનિ જ્ઞાનમય રહેતો કરે કર્મો પ્રતિ કદી રાગ ના,
છે કર્મફળપરિત્યાગી, તે કર્મો કરે પણ બંધ ના. ૧૫૨
કળશ ૧૫૩
કર્મફળનો ત્યાગી કર્મ કરે-પ્રતીત થતું નથી,
જો અવશતાથી આવી પડતું કર્મ જ્ઞાનીને કદી;
તો પરમજ્ઞાનસ્વભાવમાં જ્ઞાની અકંપ રહે અહો!
તે કર્મ કરતો કે ન કરતો કોણ જાણે તે કહો. ૧૫૩
કળશ ૧૫૪
ત્રણ લોકને ભયસહિત કરતો વજ્રપાત થતો ભલે,
પણ ભયરહિત સમકિત દ્રષ્ટિ જીવ શંકા નવ કરે;
નિજ જ્ઞાનદેહ અવધ્ય જાણી જ્ઞાનથી ચ્યુત થાય ના,
બસ છે સમર્થ સુદ્રષ્ટિઓ આ પરમ સાહસ ખેડવા. ૧૫૪
કળશ ૧૫૫ (હરિગીત)
આ ચિત્સ્વરૂપી લોક મારો એક, શાશ્વત છે અને
છે સર્વકાળે પ્રગટ એ સહુ ભેદજ્ઞાની જીવને;
અવલોકતો જ્ઞાની સદા એ ચિત્સ્વરૂપી લોકને,
આલોક કે પરલોક મારો છે નહીં ત્યમ ચિંતવે;
તેથી નથી આલોકનો, પરલોકનો ભય જ્ઞાનીને,
તે તો નિ:શંક થઇ નિરંતર જ્ઞાનને જ અનુભવે. ૧૫૫
કળશ ૧૫૬
વેદ્ય- વેદકભાવ વર્તે એકરૂપ એ કારણે,
છે માત્ર વેદન જ્ઞાનનું, નિજમાં નિરાકુળ પુરુષને;
નથી અન્ય કોઇ વેદના,ક્યમ વેદનાભય જ્ઞાનીને?
તે તો નિ:શંક થઇ નિરંતર જ્ઞાનને જ અનુભવે. ૧૫૬
કળશ ૧૫૭
નિજ આતમા સત્ છે અને સત્ નાશ પામે ના કદી,
તેથી જ રક્ષા કોઇ પર કરતું નથી નિજ આત્મની;
ત્યમ જાણતો તેથી અરક્ષાભય નથી કદી જ્ઞાનીને,
તે તો નિઃશંક થઇ નિરંતર જ્ઞાનને જ અનુભવે. ૧૫૭

કળશ ૧૫૮ (હરિગીત)
ન પ્રવેશ પરનો સ્વરૂપમાં, છે પરમ ગુપ્તિ વસ્તુને,
અણકૃત જ્ઞાન સ્વરૂપ મારું તેથી છે ગુપ્તિ મને;
ત્યમ જાણતો તેથી અગુપ્તિભય નથી કદી જ્ઞાનીને,
તે તો નિ:શંક થઇ નિરંતર જ્ઞાનને જ અનુભવે. ૧૫૮

કળશ ૧૫૯
છે પ્રાણનાશથી મરણ જીવનું, જ્ઞાન પ્રાણો જીવના,
નહીં જ્ઞાનનો કદી નાશ તેથી આતમાનું મરણ ના;
ત્યમ જાણતો તેથી મરણનો ભય નથી કદી જ્ઞાનીને,
તે તો નિ:શંક થઇ નિરંતર જ્ઞાનને જ અનુભવે ૧૫૯

કળશ ૧૬૦
આ જ્ઞાન એક, અનંત, નિશ્ચળ, સ્વત:સિધ્ધ, અનાદિથી,

પરનો ઉદય તેમાં નથી, અણધાર્યું કાંઇ થતું નથી;
ભય અકસ્માત તણો નથી તેથી કદીયે જ્ઞાનીને,
તે તો નિ:શંક થઇ નિરંતર જ્ઞાનને જ અનુભવે. ૧૬૦

કળશ ૧૬૧
નિજરસસભર જે જ્ઞાનને નિત ભોગવે સદ્-દ્રષ્ટિ તે,
નિ:શંકિતાદિ ગુણો વડે હણતો સહુયે કર્મને;
વર્તે ઉદય કર્મો તણો તોયે ફરીને બંધ ના,
તે ભોગવે કર્મો છતાં થાયે નિયમથી નિર્જરા. ૧૬૧

કળશ ૧૬૨ (હરિગીત)
આ રીતે સમ્યગ્દ્રષ્ટિ નૂતન બંધને રોકી અને
અષ્ટાંગથી કરી નિર્જરા હણતો કરેલાં કર્મને;
અતિરસથી આદિ-મધ્ય-અંતરહિત જ્ઞાનરૂપે થઇ,
બસ નાચતો વ્યાપ્ત ગગનસમ મોટી રંગભૂમિ મહીં. ૧૬૨
નિર્જરા અધિકાર સમાપ્ત
———————————-

બંધ અધિકાર (કળશ ૧૬૩ થી ૧૭૯)
કળશ ૧૬૩ (હરિગીત)

અતિ રાગરૂપમદથી પ્રમત્ત કરી જગતના જીવને
રસભાવથી બહુ નૃત્ય કરતા બંધનો વધ જે કરે;
ધીર છે, ઉદાર અને અનાકુળ,પરગ્રહણ જે ના કરે,
આનંદ-અમૃતને પીનારું ઉદય પામે જ્ઞાન તે. ૧૬૩

કળશ ૧૬૪
જડ કર્મની બહુ વર્ગણાઓ બંધનું કારણ નથી.
ને યોગ મન વચ કાયના પણ બંધનાં કારણ નથી;
કરણો નથી કારણ અને જીવ-અજીવ હિંસા પણ નથી,
કારણ ખરું છે એકતા ઉપયોગની રાગાદિથી. ૧૬૪

કળશ ૧૬૫
જડ કર્મની બહુ વર્ગણા હો, યોગ હો કાયાદિનો,
કરણો તણો ઉપભોગ હો વા ઘાત જવ-અજીવનો;
પણ રાગ આદિને નહીં ઉપયોગ સાથે જોડતો,
સદ્- દ્રષ્ટિ તે નિશ્ચિતપણે નહિ બંધને પામે અહો! ૧૬૫

કળશ ૧૬૬ (હરિગીત)
તોપણ નિરર્ગલ વર્તવું નહિ યોગ્ય છે એ જ્ઞાનીને,
કારણ નિરર્ગલ વર્તવું તે બંધનું સ્થાનક બને;
જ્ઞાની કરે વાંછા વિના તેથી ન તે બંધાય છે,
જે જાણતો, કરતો વળી તે- એ વિરોધ નહીં ખરે? ૧૬૬

કળશ ૧૬૭
કરનાર નહિ જાણે અને જે જાણતો તે નવ કરે,
કરવું કંઇ પણ કાર્ય તે તો રાગ કર્મ તણો ખરે!
અજ્ઞાનમય એ રાગ અધ્યવસાન ભાવ કહ્યો જિને,
તે હોય મિથ્યાદ્રષ્ટિને જે બંધનું કારણ બને. ૧૬૭

કળશ ૧૬૮
આ જગતના સર્વે જીવો નિજ નિજ ઉદયગત કર્મથી,
પામે સદા જીવન-મરણ, સુખ-દુ:ખ સઘળું નિયમથી
કોઇ પુરુષ કરતો જીવન ને મરણ, સુખ-દુ:ખ કોઇના,
ત્યમ માનવું અજ્ઞાન છે, જિનવર તણું એ કથન ના. ૧૬૮

કળશ ૧૬૯ (હરિગીત)
પૂર્વોક્ત આ અજ્ઞાનને પામી પુરુષ જે માનતા,
કોઇ પુરુષ કરતો જીવન ને મરણ, સુખ-દુઃખ કોઇના;
‘પરને કરું હું’- ગર્વથી એ કર્મની વાંછા કરે,
અજ્ઞાની મિથ્યાદ્રષ્ટિ એ નિજ આત્મના ઘાતક ખરે! ૧૬૯

કળશ ૧૭૦
અજ્ઞાનમય અભિપ્રાય આ જે હોય મિથ્યાદ્રષ્ટિને;
તે હોય વિપરીતરૂપ તેથી બંધનું કારણ બને. ૧૭૦

કળશ ૧૭૧
ફળહીન અધ્યવસાયથી આ આતમા મોહિત થતો;
આ લોકના સહુ દ્રવ્યરૂપે તે સ્વયંને માનતો. ૧૭૧

કળશ ૧૭૨ (દોહરા)
સર્વ દ્રવ્યથી ભિન્ન છે, તો પણ આતમરામ,
વિશ્વરૂપ નિજને કરે, અધ્યવસાય પ્રભાવ;
મોહ જ મૂળ છે એકલું, અધ્યવસાયનું જાણ,
મોહ નહીં હો જેહને, તેને મુનિવર માન. ૧૭૨

કળશ ૧૭૩ (હરિગીત)
આ રીત અધ્યવસાન સર્વે ત્યાજ્ય જિનદેવે કહ્યાં,
પર આશ્રયી વ્યવહાર તેથી છોડવો ત્યમ દેશના;
તો સજ્જનો નિષ્કંપરીતે ગ્રહણ નિશ્ચયને કરી,
નિજ જ્ઞાનઘન આત્મામહીં ક્યમ સ્થિરતા ધરતા નથી! ૧૭૩

કળશ ૧૭૪ (દોહરા)
‘રાગાદિકને બંધના હેતુ કહો છો આપ,
વળી તેને ચૈતન્યથી ભિન્ન કહો છો આપ;
ત્યારે તે રાગાદિનું નિમિત્ત કોણ જ હોય?
ચેતનજ્યોતિ આતમા અથવા બીજું કોય?’
પ્રેરિત થઇ આ પ્રશ્નથી વદતા શ્રી ગુરુદેવ,

સાંભળ તું હે શિષ્ય! આ ફરી કહું છું તેમ. ૧૭૪

કળશ ૧૭૫ (દોહરા)
સ્વયં અગ્નિરૂપ થાય ના સૂર્યકાંતમણિ જેમ,
પણ એના પરિણમનમાં સૂર્ય નિમિત્ત સદૈવ;
ત્યમ આત્મા નિજને નહીં રાગનું કારણ થાય,
નિમિત્ત તો પરસંગ એ વસ્તુસ્વભાવ સદાય. ૧૭૫

કળશ ૧૭૬ (હરિગીત)
આ રીત વસ્તુસ્વભાવ જાણી જ્ઞાની નિજ આત્મા વિષે;
રાગાદિને નિજના ન જાણે, તેથી નહિ કર્તા બને. ૧૭૬

કળશ ૧૭૭
વસ્તુસ્વભાવ ન જાણતો અજ્ઞાની નિજ આત્મા વિષે;
રાગાદિને નિજના કરે ને તેથી તે કર્તા બને. ૧૭૭

કળશ ૧૭૮
નિજને અને પરદ્રવ્યનો સંબંધ આમ વિચારી જે,
બહુભાવ સંતતિ તોડવા પરદ્રવ્યને ન્યારા કરે;
તે પૂર્ણ સંવેદન સહિત નિજ આતમાને પામતો,
ને કર્મબંધન છેદનારો આતમા સ્ફુટતો અહો! ૧૭૮

કળશ ૧૭૯
જે બંધકારણ રાગ, તેના ઉદયને નિર્દયપણે
વિદારીને, દૂરે કરી તત્કાળ વિધવિધ બંધને;
અજ્ઞાન અધનો નાશ કરતી જ્ઞાનની જ્યોતિ જગી,
એનો અતિ વિસ્તાર કોઇ આવરી શકતું નહીં. ૧૭૯

બંધ અધિકાર સમાપ્ત

---

મોક્ષ અધિકાર (કળશ ૧૮૦ થી ૧૯૨)

કળશ ૧૮૦ (હરિગીત)
કરીને વિદારણ બંધથી પ્રજ્ઞારૂપી કરવત વડે,
સાક્ષાત્ મોક્ષ પમાડતું અનુભૂતિ સ્વરૂપ પુરુષને;
છે જ્ઞાન તે ઉત્કૃષ્ટ ને આનંદ રસથી યુક્ત છે,
જયવંત વર્તે જ્ઞાન પૂરણ જે અહો! કૃતકૃત્ય છે. ૧૮૦

કળશ ૧૮૧ (હરિગીત)
પ્રજ્ઞારૂપી આ તીક્ષ્ણ છીણી યત્નથી પટકાય જ્યાં,
આત્મા અને કર્મો તણી સંધિ ઝીણી છેદાય ત્યાં;
ચૈતન્યતપૂરમાં મગ્ન રહેતો આતમા નિજ અંતરે,
અજ્ઞાનભાવે નિયત થાતો બંધ- એ છીણી વડે. ૧૮૧
કળશ ૧૮૨ (હરિગીત)

નિજ લક્ષણોના બળ થકી પરભાવ સર્વે ભેદીને,
ચૈતન્ય મહિમાવંત હું અંકિત ચિન્મુદ્રા વડે;
કારક તથા ધર્મો, ગુણોના ભેદ હો તો હોય જો,
ચૈતન્ય શુધ્ધસ્વભાવી વિભુમાં ભેદ તો ના હોય કો'. ૧૮૨

કળશ ૧૮૩ (હરિગીત)
છે ચેતના અદ્વૈત તોપણ જ્ઞાનદર્શન જો તજે,
સામાન્ય તેમ વિશેષ ત્યજતાં ત્યાગશે અસ્તિત્વને;
અસ્તિત્વ નિજનું છોડવાથી જડ થશે આત્મા અને
વ્યાપક વિના એ વ્યાપ્ત આત્મા પામશે જ વિનાશને;
બે દોષ આવા માન્ય નથી જિનવર તણા ઉપદેશમાં,
માટે નિયમથી ચેતના હો જ્ઞાનદર્શનરૂપમાં. ૧૮૩

કળશ ૧૮૪ (હરિગીત)
ચૈતન્યનો બસ એક ચિન્મય ભાવ છે સાચો અને
બાકી બધાં જે ભાવ તે સૌ ભાવ પરના છે ખરે;
બસ માત્ર ચિન્મય ભાવ તેથી ગ્રહણ કરવા યોગ્ય છે,
ભાવો અનેરા સર્વ રીતે છોડવાને યોગ્ય છે. ૧૮૪

કળશ ૧૮૫ (હરિગીત)
મોક્ષાર્થીઓ ઉદાત્ત આ સિધ્ધાંતનું સેવન કરો-
'હું શુધ્ધ ચિન્મય પરમ જ્યોતિ એક છું જ સદા અહો!
આ વિવિધ ભાવો જે પ્રગટતાં ભિન્ન લક્ષણ જેહના,
તે હું નથી ; પરદ્રવ્ય સૌ તે બાહ્ય મારાથી બધાં'. ૧૮૫

કળશ ૧૮૬ (હરિગીત)
કરીને ગ્રહણ પરદ્રવ્યનું, જે ના ગ્રહે નિજદ્રવ્યને,
તે આતમા અપરાધી છે, તેથી જ તે બંધાય છે;
સંતુષ્ટ નિજદ્રવ્યે રહે જે, ના ગ્રહે પરદ્રવ્યને,
છે નિરપરાધી તે યતિ,તેથી ન તે બંધાય છે. ૧૮૬

કળશ ૧૮૭ (હરિગીત )
અપરાધસહ આત્મા અનંતા કર્મથી બંધાય છે,
ને નિરપરાધી આતમાને બંધ કદી ના થાય છે;
નિજને અશુધ્ધ જ સેવનારો નિયમથી અપરાધી છે
જે સેવતો શુધ્ધાત્મને તે નિરપરાધી હોય છે. ૧૮૭

કળશ ૧૮૮ (હરિગીત)
પરમાદી જીવને 'હત' કહ્યાં છે આમ જિનવર કથનમાં ,
ચાપલ્યનો કરીને પ્રલય, ઉન્મૂલિત આલંબન કર્યાં;
વિજ્ઞાનઘન આત્માતણી પ્રાપ્તિ ન થાયે જ્યાં લગી,
આત્મારૂપી સ્તંભે જ બાંધ્યું ચિત્તને છે ત્યાં લગી. ૧૮૮

કળશ ૧૮૯ (હરિગીત)
જ્યાં પ્રતિક્રમણને વિષ ભાખ્યું હોય આગમ કથનમાં,

ત્યાં અપ્રતિક્રમણ ન હોય અમૃત એ જ જિનવર વચનમાં;
તો અંધ:ગતિ કરતાં જનો પરમાદમાં કાં રાચતા?
ને નિષ્પ્રમાદી થઇ નહીં કાં ઉર્ધ્વગતિ આરોહતા? ૧૮૯

કળશ ૧૯૦ (હરિગીત)
કષાયના બહુ ભારથી આળસપણું જ પ્રમાદ છે,
પરમાદસહ એ ભાવ તેથી શુધ્ધભાવ ન હોય છે;
નિજરસસભર નિજભાવમાં નિશ્ચળ થઇ તેથી મુનિ,
પામી પરમ વિશુધ્ધતાને છૂટતો સહુ બંધથી. ૧૯૦

કળશ ૧૯૧ (હરિગીત)
જે છોડીને પરદ્રવ્ય સૌ, નિજદ્રવ્યમાં લીન થાય છે;
છૂટે સહુ અપરાધથી, નહીં બંધ તેને થાય છે;
ચૈતન્ય-અમૃતથી ભરેલો ઉદિત મહિમાવંત ને
થઇ શુધ્ધ પૂરણ આતમા તે કર્મથી મુક્તિ લહે. ૧૯૧

કળશ ૧૯૨ (હરિગીત)
જે કર્મબંધન છેદથી અનુભવતું અક્ષય મોક્ષને,
ઉદ્યોત નિત્ય સહજ રહે એવી અવસ્થા જેહને;
બહુ શુધ્ધ એકાકાર ને અતિ ધીર ને ગંભીર જે,
તે પૂર્ણ જ્ઞાન પ્રગટ થઇ, નિજ અચળ મહિમામાં રહે. ૧૯૨

શ્રી મોક્ષ અધિકાર સમાપ્ત

---

## શ્રી સર્વવિશુધ્ધજ્ઞાન અધિકાર

---

શ્રી આત્મખ્યાતિમાં સમાવિષ્ટ કળશોનો ગુજરાતી પદ્યાનુવાદ:

---

(હરિગીત)
કળશ ૧૯૩
કર્તાદિ સર્વે ભાવનો કરીને પ્રલય સમ્યક્ રીતે,
જે શુધ્ધ આત્મા બંધ-મોક્ષથી દૂર વર્તે પ્રતિપદે;
પાવન અચળ છે તેજ જેનું સ્વરસથી પૂરણ અહો!
ઉત્કૃષ્ટ મહિમાવંત આત્મા જ્ઞાનપૂંજ પ્રગટ થયો. ૧૯૩

કળશ ૧૯૪
કર્તાપણું આ ચિત્સ્વરૂપ આત્મા તણો ન સ્વભાવ છે,
ભોક્તાપણું જ્યમ ચિત્સ્વરૂપ આત્મા તણો ન સ્વભાવ છે;
અજ્ઞાનના કારણ થકી આત્મા બને કર્તા અને
અજ્ઞાનનો જ અભાવ કરીને અકરતા આત્મા બને. ૧૯૪

કળશ ૧૯૫

વિશુધ્ધ છે નિજરસથી, જેનો લોકવ્યાપી સ્વભાવ છે,
ચૈતન્ય જ્યોતિ જીવ આ રીત અકર્તા પરનો ઠરે;
તોપણ થતો જે બંધ તેને વિવિધ કર્મોથી અરે,
તે તો સ્ફુરે છે ગહન કો' અજ્ઞાનનો મહિમા ખરે! ૧૯૫

કળશ ૧૯૬
ભોક્તાપણું આ ચિત્સ્વરૂપ આત્મા તણો ન સ્વભાવ છે,
કર્તાપણું જ્યમ ચિત્સ્વરૂપ આત્મા તણો ન સ્વભાવ છે;
અજ્ઞાનના કારણ થકી આત્મા બને ભોક્તા અને
અજ્ઞાનનો જ અભાવ કરીને અભોક્તા આત્મા બને. ૧૯૬
સ
કળશ ૧૯૭
પ્રકૃતિસ્વભાવે રક્ત અજ્ઞાની સદા વેદક બને,
પ્રકૃતિસ્વભાવવિરક્ત જ્ઞાની નહિ કદા વેદક બને;
આ નિયમ જાણી નિપુણ પુરુષો! છોડજો અજ્ઞાનને,
નિજ આત્મમાં નિશ્ચળ થઇને સેવજો બસ જ્ઞાનને. ૧૯૭

કળશ ૧૯૮
જ્ઞાની ન કર્મોને કરે વળી ભોગવે નહિ તેહને,
બસ જ્ઞાની કેવળ જાણતો એ વિવિધ કર્મસ્વભાવને;
આ રીત કેવળ જાણતો, નહિ વેદતો- કરતો અને
છે અચળ શુધ્ધ સ્વભાવમાં તે જ્ઞાની છે મુક્ત જ ખરે! ૧૯૮

કળશ ૧૯૯ (હરિગીત)
અજ્ઞાનઅધથી જેહ કર્તા આતમાને માનતો,
મોક્ષેચ્છુ તે લૌકિક જન સમ મોક્ષ ના કદી પામતો. ૧૯૯

કળશ ૨૦૦
આત્મા અને પરદ્રવ્ય વચ્ચે ના કંઇ સંબધ છે,
તેથી નથી કર્તાકરમસંબંધ બન્ને દ્રવ્યને;
કર્તાકરમસંબંધ જો નહીં આતમા-પરદ્રવ્યને,
પરદ્રવ્યનું કર્તાપણું કાં હોય આત્મતત્ત્વને? ૨૦૦

કળશ ૨૦૧
આ લોકમાં કો' દ્રવ્ય સાથે અન્ય કોઇ દ્રવ્યનો,
નિષેધ્ય છે સંબંધ સઘળો સદા સર્વ પ્રકારનો;
નહીં હોય કર્તા-કર્મઘટના તેથી વસ્તુભેદ જો,
દેખો અકર્તા તત્વને હે મુનિજનો! લૌકિકજનો! ૨૦૧

કળશ ૨૦૨
વસ્તુ સ્વભાવ તણો નિયમ આ જાણતા જીવ જે નથી,
તેઓ બિચારાનું ગયું છે તેજ અજ્ઞાને ડૂબી;
અરેરે! કરે છે કર્મને, તેથી સ્વયં ચેતન થતો
કર્તા ખરે નિજભાવકર્મ તણો, નહીં પરદ્રવ્ય કો'. ૨૦૨

કળશ ૨૦૩
જે કર્મ છે તે કાર્ય છે ને કાર્ય વણકૃત હોય ના,
વળી જીવ-પ્રકૃતિ ઉભયની પણ કૃતિ તે કદી હોય ના;
ભોક્તા બને જડ પ્રકૃતિ જો કાર્ય હોય ઉભય તણું,
ચેતનમયી તે કૃતિ પણ નથી કાર્ય એક જ જડ તણું;
માટે કહ્યો છે જીવને કર્તા જ જીવના કર્મનો,
પણ પુદ્દગલો ક્યમ હોય કર્તા જે સ્વયં જ્ઞાતા ન હો? ૨૦૩

કળશ ૨૦૪
'છે કર્મ બસ કર્તા'- વિચારી આત્મઘાતક જીવ જે,
આત્મા તણા કર્તાપણાને સર્વથા જ નિષેધીને;
' આ આતમા કર્તા કથંચિત'-એવી અચલિત શ્રુતિને
કોપિત કરે દુર્બુદ્ધિઓ તે તીવ્ર મોહી બની અરે;
વસ્તુસ્થિતિ કહેશે હવે સંશુધ્ધિ અર્થે તેમની,
જે સ્યાદ્-વાદ નિયમ વડે નિર્બાધ સિધ્ધિ પામતી. ૨૦૪

કળશ ૨૦૫ (હરિગીત)
જ્યમ સાંખ્યમતી માને - 'અકર્તા આતમા છે સર્વથા',
એકાંતથી માનો નહીં અનુયાયીઓ અર્હંતના;
છે આતમા કર્તા નિરંતર ભેદજ્ઞાન ન જ્યાં લગી,
આત્મા ન હો કર્તા કદાપિ ભેદજ્ઞાન થયા પછી;
સ્થિત જ્ઞાનધામ મહીં સ્વયં પ્રત્યક્ષ આતમ દ્રવ્યને,
કર્તૃત્વભાવરહિત દેખો અચળ, જ્ઞાતા તેહને. ૨૦૫

કળશ ૨૦૬
આ જગતમાં કો' એક તો કલ્પી ક્ષણિક આ આત્મને,
મનમાં કરે છે ભેદ બે કર્તા અનેભોક્તા વિષે;
ધ્રુવતા રૂપી અમૃત તણા સમૂહો વડે અભિસિંચીને,
તે મોહને દૂરે અહો, ચિત્ચમત્કાર સ્વયં કરે. ૨૦૬

કળશ ૨૦૭
વૃત્યંશનો બહુ ભેદ દેખી નાશ વૃત્તિમાનનો-
અત્યંત થાતો એવી મિથ્યા કલ્પના કરીને જતો;
'કોઇ કરે છે અન્યને વળી અન્ય કોઇ ભોગવે,
એકાંત નહીં એવો પ્રકાશો વસ્તુના ધર્મો વિષે. ૨૦૭

કળશ ૨૦૮
કો અંધ બીજા ઇચ્છતા પરિશુધ્ધ આત્માને સદા,
'ઉપાધિ કાળ થકી ગ્રહે આત્મા અશુધ્ધિ'- માનતા;
અતિવ્યાપ્તિ એથી ધારીને રત શુધ્ધ ઋજુસૂત્રે થતા,
કલ્પી ક્ષણિક ચૈતન્યને નિત્યાતમા નહિ પામતા;
જે દોરને દેખે નહીં પણ માત્ર દેખે મોતીને,
પામે નહીં તે હારને, પણ માત્ર મોતી મેળવે. ૨૦૮

કળશ ૨૦૯

યુક્તિવશે હો ભેદ કે ના, ભોક્તા-કર્તા તણો,
વળી બેય તે હો, વા ન હો, બસ વસ્તુને જ અનુભવો;
સૂત્રે પરોવેલી મણિમાળા કદી ભેદાય ના,
ત્યમ આત્મસૂત્ર સહિત ચેતનમાળ પણ ભેદાય ના,
આત્મારૂપી બસ એક આ માળા જ અમને પ્રાપ્ત હો,
જે સર્વ રીત પ્રકાશતી છોડી વિકલ્પ સહુ અહો! ૨૦૯

કળશ ૨૧૦ (હરિગીત)
લક્ષ્ય વ્યવહાર-દ્રષ્ટિથી જ કર્તા -કર્મ બન્ને ભિન્ન છે,
નિશ્ચય તણા વસ્તુ વિચારે કર્મ-કર્તા એક છે. ૨૧૦

કળશ ૨૧૧
પરિણામ છે તે કર્મ છે નિશ્ચયથકી જ ખરે તથા
પરિણામ આશ્રયભૂત પરિણામી તણું હોય જ યથા;
નહીં કર્મ હો કર્તા વિના, હો વસ્તુ કોઇ કુટસ્થ ના,
નિજ પરિણમન રૂપ કર્મની કર્તા સ્વયં વસ્તુ સદા. ૨૧૧

કળશ ૨૧૨
શક્તિ અનંત સ્વયં સ્ફુટિત છે એવી વસ્તુ હોય જે,
તે અન્યવસ્તુની બાહ્યમાં લોટે, પરંતુ નવ ગ્રહે;
નહીં અન્ય વસ્તુમાં બીજી કો અન્ય વસ્તુ પ્રવેશતી,
નિજ નિજ સ્વભાવે સ્થિત છે વસ્તુ બધી આ જગતની;
મોહિત થઇ તોપણ જીવો નિજ સ્વરૂપથી ચ્યુત થઇ અને
અતિ આકુલિત થયા થકા કાં ક્લેશ પામે છે અરે! ૨૧૨

કળશ ૨૧૩
આ લોકમાં નહીં એક વસ્તુ અન્ય વસ્તુની અરે,
તેથી જ કોઇ વસ્તુ છે તે, તે જ વસ્તુ છે ખરે;
છે નિશ્ચયે આવું સ્વરૂપ તો લોટતાં પરદ્રવ્ય ની
બહારે બીજું કો' દ્રવ્ય, કંઇ તેને કરી શકતું નથી. ૨૧૩

કળશ ૨૧૪
'પરિણમતી જે પોતાથી એવી વસ્તુને પરદ્રવ્ય કો'
કંઇ પણ કરે છે'- માનવું એ મત ગણો વ્યવહારનો;
પણ નિશ્ચયે આ લોકમાં કો' દ્રવ્ય બીજાનું નથી,
તેથી નથી સંબંધ કોઇ વસ્તુને પરદ્રવ્યથી. ૨૧૪

કળશ ૨૧૫
શુધ્ધાત્મના નિરૂપણ મહીં કરી બુધ્ધિને સ્થાપિત અને
નિજ તત્વને જ અનુભવે છે, ભાસતું તે પુરુષને-
નહીં એક દ્રવ્ય પ્રવેશતું કો' અન્ય દ્રવ્ય મહીં અને
છે જ્ઞાન જાણે જ્ઞેયને તે જ્ઞાનનો જ ઉદય ખરે;
તો ' જ્ઞાન સ્પર્શે અન્યને'-ક્યમ લોક એવું માનીને,
બહુ આકુલિત થઇ સ્વરૂપથી ચલિત શાને થાય છે? ૨૧૫

કળશ ૨૧૬ (હરિગીત)
નિજરસરૂપે દ્રવ્યો પરિણમે તેથી કદીયે દ્રવ્ય કો’
નહીં થાય અન્ય સ્વભાવનું, ન સ્વભાવ કો’ પરદ્રવ્યનો;
જ્યોત્સ્ના ભલે ઉજ્જલ કરે પણ પૃથ્વી તેની થાય ના,
ત્યમ જ્ઞાન જાણે જ્ઞેયને પણ જ્ઞેય જ્ઞાનનું થાય ના. ૨૧૬

કળશ ૨૧૭
આ દ્વંદ્વ રાગ-ઘૃણા તણું ઉત્પન્ન થાયે ત્યાં લગી,
બસ જ્ઞેય જ્ઞેયપણે ન થાયે, જ્ઞાન જ્ઞાનરૂપ નહીં;
અજ્ઞાનભાવ દૂરે કરી આ, જ્ઞાન જ્ઞાનરૂપે થજો,
અટકાવી ભાવ-અભાવને પૂરણ સ્વભાવ પ્રગટ થજો. ૨૧૭

કળશ ૨૧૮
અજ્ઞાનભાવથી રાગ-દ્વેષરૂપે પરિણમે જ્ઞાન આ,
પણ દ્રવ્યદ્રષ્ટિથી દેખતાં, તે રાગ-દ્વેષ કંઇ જ ના;
સદ્ દ્રષ્ટિ થઇ કર રાગક્ષય તું તત્વની દ્રષ્ટિ વડે,
તો પૂર્ણ અચળ પ્રકાશ સહ એ જ્ઞાનજ્યોતિ પ્રગટ થશે. ૨૧૮

કળશ ૨૧૯
તત્વદ્રષ્ટિથી દેખતાં ન જરાય એવું દીસતું-
કો’ દ્રવ્ય ઉત્પાદક બને આ જીવના રાગાદિનું;
આ જગતમાં સહુ દ્રવ્યની ઉત્પત્તિ નિજ નિજ ભાવથી,
અતિ પ્રગટ એવી અંતરંગે જ્ઞાનજ્યોતિ પ્રકાશતી. ૨૧૯

કળશ ૨૨૦
આત્મા મહીં ઉત્પત્તિ જે રાગાદિ દોષની થાય છે,
પરદ્રવ્યનો નથી દોષ એમાં, પણ સ્વયં અપરાધ છે;
અજ્ઞાન ત્યાં બસ એક ફેલાતું-વિદિત થાઓ અને
અજ્ઞાનનો એ અસ્ત થાઓ, જ્ઞાનમાત્ર હું છું ખરે. ૨૨૦

કળશ ૨૨૧
રાગાદિની ઉત્પત્તિમાં પરને જ કારણ માનતા
સુજ્ઞાનહીન તે અંધબુધ્ધિ, મોહનદી ન ઉલ્લંઘતા. ૨૨૧

કળશ ૨૨૨ (હરિગીત)
છે પૂર્ણ, એક,અચ્યુત વળી છે શુધ્ધ એવું જ્ઞાન તે,
મહિમા અહો છે જેહનો, તે એક જ્ઞાયકભાવ છે;
નહીં વિક્રિયા તે પામતો કદી અન્ય જ્ઞેય પદાર્થથી;
નથી વિક્રિયા જ્યમ પામતો દીપક કદીયે પ્રકાશ્યથી;
વસ્તુસ્થિતિના જ્ઞાન વિરહિત તો પછી અજ્ઞાની કાં,
છોડી સહજ મધ્યસ્થતાને રાગદ્વેષમયી થતાં? ૨૨૨

કળશ ૨૨૩
જે રાગદ્વેષ રહિત થઇ સ્પર્શે સદાય સ્વભાવને,
જે ભૂત ભાવિ કાળના વર્જે સહુયે કર્મને;

જે વર્તમાને ભિન્ન છે કર્મો તણા વળી ઉદયથી,
તે અનુભવે સંચેતના ચારિત્રના નિજ વિભવથી;
ચૈતન્યજ્યોતિમય ચમકતી જ્ઞાનની એ ચેતના,
ત્રૈલોક્યને નિજરસથી સિંચે સર્વદા એ ચેતના. ૨૨૩

કળશ ૨૨૪
સંચેતના બસ હો નિરંતર જ્ઞાનની જો જીવને,
તો જ્ઞાન શુધ્ધ થઇ અતિ પરકાશતું નિજ અંતરે;
અજ્ઞાનની સંચેતનાથી બંધ આવે દોડીને,
ને અંતરંગે જ્ઞાનની તે શુધ્ધતા રોકી રહે. ૨૨૪

કળશ ૨૨૫
ભૂતકાળ, ભાવિકાળ, સાંપ્રતકાળના સહુ કર્મને,
કૃતથી અને કારિતથી,અનુમોદનાથી ત્યાગીને;
મન વચન કાયથી પણ તજી સંન્યાસ કર્મો તણો ચહું,
આ રીત પરમોત્તમ અહો! નૈષ્કર્મ્યને અવલંબું છું. ૨૨૫

કળશ ૨૨૬
જે મોહથી કર્મો કર્યાં મેં સર્વ તે હું પ્રતિક્રમું;
નિષ્કર્મ આત્મામાં જ નિત આત્મા વડે વર્તી રહું. ૨૨૬

કળશ ૨૨૭
જે મોહથી આવે ઉદયમાં કર્મ તે આલોચું હું;
નિષ્કર્મ આત્મામાં જ નિત આત્મા વડે વર્તી રહું. ૨૨૭

કળશ ૨૨૮
પચખી અનાગત સર્વ કર્મોને થઇ નિર્મોહી હું;
નિષ્કર્મ આત્મામાં જ નિત આત્મા વડે વર્તી રહું. ૨૨૮

કળશ ૨૨૯ (હરિગીત)
આ રીત વિધિ પૂર્વોક્તથી ભૂત, ભાવિ, સાંપ્રતના સહુ,
દૂરે કરી કર્મો બધાં સંન્યાસ કર્મ તણો ચહું;
નયશુધ્ધને અવલંબનારો, મોહથી છું રહિત હું,
અવિકારી ચેતનમાત્ર આત્માને હવે અવલંબું છું. ૨૨૯

કળશ ૨૩૦
વિષવૃક્ષફળ સમ કર્મ સહુ આ ભોગવ્યા વિણ ખરી જજો,
નિશ્ચળપણે સંચેતું છું ચૈતન્યમય આત્મા અહો! ૨૩૦

કળશ ૨૩૧
પૂર્વોક્ત રીત કર્મો તણાં ફળ ત્યાગીને સહુ, ભોગવું
હું આત્મને અતિશયપણે, ચૈતન્ય લક્ષણ જેહનું;
ને અન્ય સર્વ ક્રિયા મહીં ન વિહાર મમ વૃત્તિ કરે,
આ રીત આત્મતત્ત્વનો છે અચળ ભોગવટો મને;
કાળાવલિ વહેજો અનંતી આત્મના ઉપભોગમાં,

ઉપયોગની મારી પ્રવૃત્તિ જાઓ ના કદી અન્યમાં. ૨૩૧

કળશ ૨૩૨
અજ્ઞાનથી પૂર્વે કરેલાં કર્મરૂપ વિષવૃક્ષનાં
ફળ ભોગવે નહીં જે અને છે તૃપ્ત આત્મસ્વરૂપમાં;
નિષ્કર્મ- સુખમય ને અપૂરવ દશાંતર તે પામતો,
રમણીય છે જે વર્તમાને ને ભવિષ્યે પણ અહો! ૨૩૨

કળશ ૨૩૩
પૂર્વોક્ત રીતે કર્મથી ને કર્મફળથી પણ અહો!
વિરતિ અતિશય ભાવીને અવિરતપણે જ્ઞાનીજનો;
અજ્ઞાનરૂપી ચેતનાનો પ્રલય પ્રગટ નચાવીને,
પૂરણ કરીને સર્વ રીતે રસથી પ્રાપ્ત સ્વભાવને;
પ્રગટાવીને આનંદપૂર્વક ચેતના નિજ જ્ઞાનની,
પીઓ પ્રશમરસને સદાયે જ્ઞાનીજન હે આજથી. ૨૩૩

કળશ ૨૩૪
વસ્તુ સમસ્તથી ભિન્નતાના નિશ્ચયે જુદું પડી,
આ જ્ઞાન થાયે રહિત સર્વ પદાર્થના સંબંધથી ;
બસ એક જ્ઞાનક્રિયામયી થઇને અનાકુળ જ્ઞાન તે,
દેદીપ્યમાન થયું થકું નિશ્ચળ રહે અહીંથી હવે. ૨૩૪

કળશ ૨૩૫ (હરિગીત)
જે ભિન્ન છે પરદ્રવ્યથી ને નિયત છે નિજમાં અને
ધારે પૃથક્ વસ્તુપણાને, ગ્રહણ-ત્યાગ નહીં કરે;
એ અમલ જ્ઞાન તણો અનુભવ થાય છે નિશ્ચળપણે,
જ્યમ મધ્ય-આદિ-અંત એવા અંશ વિરહિત સહજ જે
વિસ્તૃત પ્રભા કરતી બહુ દેદીપ્યમાન મહાત્મ્યને
એ પુંજરૂપ સુજ્ઞાનનો મહિમા સદા ઉદિત રહે. ૨૩૫

કળશ ૨૩૬
સહુ શક્તિઓ જેણે સમેટી લીન કરી નિજ રૂપમાં,
ધારણ કરે નિજ માંહી નિજને તેહ પૂરણ આતમા;
તેણે બધું છોડ્યું હતું જે છોડવાને યોગ્ય ને,
બસ ગ્રહણ પણ તેનું કર્યું જે ગ્રહણયોગ્ય હતું ખરે. ૨૩૬

કળશ ૨૩૭
પરદ્રવ્યથી જુદું અવસ્થિત જ્ઞાન છે આ રીત જ્યાં;
નહિ હોય તે આ'રક તથાપિ 'દેહ તે'-શંકા જ કાં? ૨૩૭

કળશ ૨૩૮
આ રીત ચિન્મયજ્ઞાનને દેહ જ કદાપિ છે નહીં,
તે દેહરૂપી લિંગ તેથી મોક્ષનું કારણ નથી. ૨૩૮

કળશ ૨૩૯

બસ જ્ઞાનદર્શનચરણત્રિક એ આતમાનું તત્વ છે;
મોક્ષેચ્છુએ તેથી સદા એ મોક્ષમાર્ગ જ સેવ્ય છે. ૨૩૯

કળશ ૨૪૦
દગજ્ઞાનચરણ સ્વરૂપ જે આ નિયત મારગ મોક્ષનો,
તેમાં જ સ્થિર થઇ નિરંતર ધ્યાવતો ને ચેતતો;
તેમાં સદા જે વિહરતો નહીં અન્ય દ્રવ્યો સ્પર્શતો,
નિત્યોદયી એવા સમયના સારને તે પામતો. ૨૪૦

કળશ ૨૪૧
પૂર્વોક્ત નિશ્ચયમાર્ગને છોડી પુરુષ નિજ આત્મને
વ્યવહારમાર્ગે સ્થાપીને દ્રવ્યલિંગમાં મમતા કરે;
તત્વાર્થજ્ઞાન યથાર્થ વિરહિત વર્તતા જે આ રીતે,
નહિ અનુભવે તે પુરુષ હજુએ સમયના એ સારને;
જે ઉદિત છે નિત્યે અને જે એક, અમલ, અખંડ છે,
જેનો પ્રકાશ અતુલ છે, ચૈતન્યનો જે પુંજ છે. ૨૪૧

કળશ ૨૪૨ (હરિગીત)
વ્યવહારમૂઢ જીવો નહિ પરમાર્થને કદી જાણતા,
તંદુલ નહીં, તુષમાત્રને તુષમુગ્ધ પુરુષો જાણતા. ૨૪૨

કળશ ૨૪૩
દ્રવલિંગમાં મમકારથી જે અંધ ને અવિવેકી છે,
તેઓ સમયના સારને નહિ દેખી કે પામી શકે;
આ જગતમાં દ્રવલિંગ તો પરદ્રવ્યમાત્રથી થાય છે,
આ જ્ઞાન એક સ્વયં ખરે નિજ આત્મદ્રવ્યથી થાય છે. ૨૪૩

કળશ ૨૪૪
બસ થાઓ, બસ થાઓ બહુ કથનો-વિકલ્પોથી હવે,
બસ એટલું કહીએ નિરંતર અનુભવો આ એકને;
નિજરસથી પૂર્ણ અહો સ્ફુટિત છે સમયસાર મહાન જે,
તેનાથી ઊંચું છે નહીં આ જગતમાં કાંઇ ખરે. ૨૪૪

કળશ ૨૪૫
આનંદમય વિજ્ઞાનઘન પ્રત્યક્ષ કરતું એક આ;
અક્ષય જગત ચક્ષુ મહા આ એક પામે પૂર્ણતા. ૨૪૫

કળશ ૨૪૬
થયું જ્ઞાનમાત્ર જ તત્વ આત્માનું નક્કી બસ આ રીતે;
જે એક, અચળ, અખંડ નિજથી વેદ્ય , બાધારહિત છે. ૨૪૬

શ્રી સર્વવિશુધ્ધજ્ઞાનનો પ્રરૂપક નવમો અંક સમાપ્ત.

---

પરિશિષ્ટ

———-

૨૪૭ (હરિગીત)
સ્યાદ્વાદની નિર્દોષતાની સિદ્ધિને અર્થે હવે,
અત્રે કરીશું વિચારણા વસ્તુવ્યવસ્થાને વિષે;
ઉપાય ને ઉપેય બન્ને ભાવ એક જ જ્ઞાનમાં,
કઇ રીત ઘટતાં તે વળી વિચારીશું ફરીને જરા. ૨૪૭

૨૪૮
જેને સમસ્તપણે પીવે છે બાહ્ય વસ્તુઓ બધી,
નિજની પ્રગટતા છોડવાથી શૂન્ય જે ભાસે વળી;
પરમાં જ છે વિશ્રામ જેનો એવું જ્ઞાન પશુ સમું
તે નાશ પામે છે, પરંતુ જ્ઞાન સ્યાદ્વાદી તણું-
'જે હોય તત્ તે સ્વરૂપથી તત્ હોય' એવું માનીને,
નિજ જ્ઞાનઘનના ભારથી સંપૂર્ણ પામે ઉદયને. ૨૪૮

૨૪૯
'આ વિશ્વ સઘળું જ્ઞાન છે'-એકાંતવાદી વિચારતો,
નિજ તત્વની આશાથી દેખી, વિશ્વમય મૂઢ તે થતો
પશુ સમ કરે ચેષ્ટા; પરંતુ સ્યાદવાદી તો અહા!
'જે હોય તત્ નિજરૂપથી પરથી કદી તત્ હોય ના'-
ત્યમ માનીને પરદ્રવ્ય તેમજ ભાવ જે પરથી થતાં,
તે સર્વથી ન્યારો રહી નિત અનુભવે છે આતમા. ૨૪૯

૨૫૦
અતિશયપણું છે જ્ઞાનને તેથી ગ્રહે તે સર્વને,
ને 'જ્ઞેયના આકાર સહુ એ જ્ઞાનને ખંડિત કરે'-
ત્યમ માનીને એકાંતવાદી નાશ પોતાનો કરે,
પણ સ્યાદવાદી તો ઉદિત નિત એક દ્રવ્યપણા વડે
જાણી અખંડ સ્વભાવને કરી નાશ ભ્રમના ભેદનો,
જે એક છે, નિર્બાધ છે કરતો અનુભવ તેહનો. ૨૫૦

૨૫૧
એકાંતવાદી જ્ઞેયના આકારરૂપ કલંકથી
કલ્પી મલિનતા, જ્ઞાનને પ્રક્ષાલવા રહેતો નથી;
આકાર એક જ ઇચ્છીને તે નાશ જ્ઞાન તણો કરે,
સ્યાદવાદી તો 'આકાર બહુ પર્યાયમાં'- જાણે ખરે;
અવિચિત્ર છે તે જ્ઞાન, હો વૈચિત્ર્યતા તેમાં ભલે,
ત્યમ જાણતો તે સ્વતઃ ક્ષાલિત જ્ઞાનને જ અનુભવે. ૨૫૧

૨૫૨ (હરિગીત)
પ્રત્યક્ષ આલિખિત પરદ્રવ્યો પ્રગટ સ્થિર દેખીને,
એકાંતી અજ્ઞાની નહીં કદી દેખતો નિજ દ્રવ્યને;
તેથી થઇને શૂન્ય કરતો નાશ નિજ અસ્તિત્વનો,
સ્યાદવાદી તો અસ્તિપણે નિજ આત્મને અવલોકતો
સુરીતે સદા, તેથી પ્રગટતા શુધ્ધ જ્ઞાનપ્રકાશથી,

થઇ પૂર્ણરૂપે જીવતો—કદી નાશને પામે નહિ. ૨૫૨

૨૫૩
વાસિત થઇને કુનયથી એકાંતી અજ્ઞાની અરે,
'નિજ આતમા સહુદ્રવ્યમય છે'-માન્યતા એવી ધરે;
નિજ દ્રવ્ય વિષે ભ્રમિત થઇ વિશ્રામ તે પરમાં કરે,
સ્યાદવાદી તો 'સહુ દ્રવ્યમાં નાસ્તિત્વ છે પરનું ખરે'-
ત્યમ જાણીને, વર્તે સદા નિર્મળ મહિમા લાવીને
બસ શુધ્ધજ્ઞાન તણો અહો! નિજદ્રવ્યનો આશ્રય કરે. ૨૫૩

૨૫૪
પરક્ષેત્રમાં વસતા પદાર્થો સાથ જ્ઞાયક જ્ઞેયનો,
સંબંધ નિત્ય પ્રવર્તતો આત્મા તણો જે દેખતો;
'નિજક્ષેત્રથી અસ્તિત્વ નથી આત્મા તણું- ત્યમ માનતો
એકાંતી નષ્ટ થતો, પરંતુ સ્યાદવાદી તો અહો!
'નિજક્ષેત્રથી જે બાહ્ય, વસતા જ્ઞેય સહુને જાણતો
આત્મા રહે નિજક્ષેત્રમાં'-ત્યમ માની નષ્ટ નહીં થતો. ૨૫૪

૨૫૫
'જ્ઞેયો વસે પરક્ષેત્રમાં પણ હું વસું નિજક્ષેત્રમાં'
-ત્યમ માની અજ્ઞાની ત્યજે જ્ઞેયો, વળી ચૈતન્યના
આકારને પણ તે વમે ને તેથી તુચ્છ બને અરે!
પણ જ્ઞાની સ્યાદવાદી રહી નિજક્ષેત્રમાં જાણે ખરે
'પરક્ષેત્રમાં નાસ્તિત્વ મારું તેથી, છોડું જ્ઞેયને,
પણ ના તજું આકાર ચિદ્ ના'- તેથી તુચ્છ નહિ બને. ૨૫૫

૨૫૬ (હરિગીત)
'પૂર્વ આલંબિત પદાર્થો નાશ જ્યારે પામતા,
થતું નષ્ટ ત્યારે જ્ઞાન પણ'-એકાંતીની એ માન્યતા;
માની અવસ્તુ જ્ઞાનને આ રીત તુચ્છ થયો થકો,
અજ્ઞાની પામે નાશને, પણ સ્યાદવાદી જાણતો-
'આત્મા તણું અસ્તિત્વ છે નિજકાળથી તેથી અરે,
પરવસ્તુનો હો નાશ ફરી ફરી, જ્ઞાન પૂર્ણ રહે ખરે. ૨૫૬

૨૫૭
' છે જ્ઞાનનું અસ્તિત્વ જ્યાં લગી ગ્રહણ છે જ્ઞેયો તણું'
- જાણી, કરે અતિ લાલસાથી જ્ઞેય આલંબન ઘણું;
બસ બાહ્યમાં ભમતો થકો અજ્ઞાની પામે નાશને,
પણ સ્યાદવાદી જ્ઞાની તો જાણે યથાર્થ સ્વરૂપને;
'પરકાળથી આત્મા તણું નાસ્તિત્વ'-જાણી,દ્રઢપણે
વર્તે સહજ નિત જ્ઞાનપૂંજરૂપે અને ટકતો રહે. ૨૫૭

૨૫૮
'પરભાવ ભવનસ્વરૂપ નિજ અસ્તિત્વ છે'-ત્યમ જાણતો,
અજ્ઞાની બાહ્ય પદાર્થમાં વિશ્રામ નિત કરતો થકો;

નિજ ભાવના મહિમા મહીં અત્યંત નિશ્ચેતન બની,
એકાંતી પામે નાશને, પણ સ્યાદવાદી તો નહીં;
નિત નિયત ભાવભવનસ્વરૂપ નિજ જ્ઞાનના અસ્તિત્વથી,
વર્તે જુદો પરભાવથી, કરી પ્રતીત તે નિજભાવની. ૨૫૮

૨૫૯ (હરિગીત)

‘ છે સર્વ પરભાવોરૂપે આ આતમા’-ત્યમ માનીને,
થઇ ચ્યુત શુધ્ધ સ્વભાવથી અજ્ઞાની એકાંતી અરે;
પરભાવમાં સ્વચ્છંદ થઇ નિર્ભયપણે ક્રીડા કરે,
સ્યાદવાદી તો નિજભાવમાં અત્યંત આરૂઢ ખરે
‘પરદ્રવ્યના ભાવોરૂપે આત્મા નથી’-ત્યમ માનતો,
નિષ્કંપરૂપ પ્રવર્તતાં, થઇને વિશુધ્ધ વિરાજતો. ૨૫૯

૨૬૦
ઉત્પાદ વ્યય લક્ષિત એવા જ્ઞાનના અંશો વહે,
તે દેખી અજ્ઞાની ‘અનિત છે સર્વથા આત્મા’-કહે;
ક્ષણભંગ સંગે પતિત થઇને નાશ તે પામે અને
સ્યાદવાદી તો ચૈતન્ય વસ્તુ નિત્ય-ઉદિત અનુભવે;
ટંકોત્કીર્ણ સ્વભાવ ઘન છે જેહનો મહિમા ખરે,
એ જ્ઞાનરૂપ પ્રવર્તતો જ્ઞાની સદા જીવતો રહે. ૨૬૦

૨૬૧
ટંકોત્કીર્ણ વિશધ્ધ છે આ જ્ઞાનનો ફેલાવ જે,
આકાર બસ છે એક એવા આત્મની આશા વડે
નિર્મળ પરિણતિથી જુદો અજ્ઞાની ઇચ્છે આત્મને;
સ્યાદવાદી તો ચિદ્દવસ્તુની વૃત્તિ તણા ક્રમથી ખરે,
‘છે જ્ઞાન દ્રવ્યે નિત્ય પણ છેઅનિત પરિણતિને લીધે,
-ત્યમ માની નિત્ય-અનિત્ય એવા જ્ઞાનને જ અનુભવે. ૨૬૧

૨૬૨
બસ જ્ઞાનમાત્ર જ આતમાનું અનેકાંતસ્વરૂપ જે,
સહુ જીવને સ્વયમેવ આ રીત સ્યાદવાદ પ્રગટ કરે. ૨૬૨

૨૬૩
સ્યાદ્વાદરૂપ અલંઘ્ય જિનવરકથિત શાસન આ રીતે
નિશ્ચિત કર્યું સ્થાપિત થઇ સત્યાર્થ વસ્તુસ્થિતિ વડે. ૨૬૩

૨૬૪
ઈત્યાદિ શક્તિ અનેકથી સુરીતે ભરેલો હો ભલે,
જે જ્ઞાનમાત્રમયીપણાને છોડતો ન જરી ખરે;
પૂર્વોક્ત રીતે ક્રમ અને અક્રમરૂપે વર્તે સદા,
તે દ્રવ્ય ને પર્યાયમય ચિદ્ વસ્તુ છે આ લોકમાં. ૨૬૪

૨૬૫ (હરિગીત)

આ વસ્તુતત્વ વ્યવસ્થિતિને સ્વયમેવ આવી દેખીને
નેકાંત-સંગત દ્રષ્ટિથી, સ્યાદ્વાદ શુધ્ધિ જાણીને;
જિનદેવ તણી નીતિને નહીં જેઓ કદીય ઉલ્લંઘતા,
તે સત્પુરુષો આ રીતે સહુ જ્ઞાનરૂપ સદા થતા. ૨૬૫

૨૬૬
જે પુરુષ કોઇ પણ રીતે દૂરે કરીને મોહને,
નિજ જ્ઞાનમાત્ર અકંપ ભૂમિનો સદા આશ્રય કરે,
સાધકપણાને પામીને તે જીવ સિધ્ધદશા લહે,
પણ ભૂમિ આ નહિ પામતો તે મૂઢ સંસારે ભમે. ૨૬૬

૨૬૭
સ્યાદ્વાદમાં કૌશલ્ય ને સંયમ-સુનિશ્ચળતા વડે,
નિજમાં રહી ઉપયુક્ત જે નિત ભાવના નિજની કરે;
આ રીત સાધે જ્ઞાન તેમ ક્રિયા તણી જે મૈત્રીને,
નિજભાવમય આ ભૂમિકાનો પુરુષ તે આશ્રય કરે. ૨૬૭

૨૬૮
પૂર્વોક્ત રીતે જે પુરુષ આ ભૂમિનો આશ્રય કરે,
તેને જ આવો આતમા આ ઉદયને પામે ખરે-
ચિત્ પુંજના વિકાસરૂપ છે ખીલવું જેનું અને
અત્યંત શુધ્ધ પ્રકાશ જેનો સુપ્રભાત સમાન છે;
આનંદમાં સ્થિત જે રહે સુરીતે સદાય એવું જે
અસ્ખલિત જેનું રૂપ છે ને અચળ જેની જ્યોતિ છે. ૨૬૮

૨૬૯
સ્યાદ્વાદથી જે દિપ્ત ઝગમગ તેજ છે જેનું અને
મહિમા વિશુધ્ધ સ્વભાવરૂપ, એવો પ્રકાશ ઉદિત મને;
ત્યાં બંધમોક્ષમહીં થનારા અન્ય ભાવો ના થજો,
નિત્યોદયી કેવળ સ્વભાવ સ્ફુરાયમાન મને હજો. ૨૬૯

૨૭૦ (હરિગીત)
અનેકવિધ નિજ શક્તિના સમુદાયરૂપ આ આતમા,
નય દ્રષ્ટિથી ખંડિત થઇને નાશ પામે આતમા;
તેથી અનુભવ હું કરું-ખંડો નિરાકૃત ના ભલે,
તો યે અખંડિત પૂર્ણરૂપે છે સ્વરૂપ જેનું ખરે;
જે એક છે ને શાંત એકાંતે સ્વરૂપ છે જેહનું,
વળી અચળ છે તેવું અહો! ચૈતન્યમય હું તેજ છું. ૨૭૧
નિરાકૃત=બહિષ્કૃત; દૂર; રદબાતલ; નાકબૂલ.

૨૭૨
મુજ તત્વનો જ સ્વભાવ એવો અનેકાંતસ્વરૂપ છે,
દેખાય તે મેચક, ઉભય વળી અમેચક દેખાય છે;
તો પણ પરસ્પર મિલિત શક્તિ સમૂહરૂપે તે સ્ફુરે,
ને શુધ્ધ બુધ્ધિવંતના મનને વિમોહિત ના કરે. ૨૭૨

૨૭૩
અદ્ભુત સહજ વૈભવ અહો! આત્મા તણો આવો ખરે,
દીસે અનેકરૂપે તથા તે ઐક્યતા ધારણ કરે;
દીસે ક્ષણિક તે એક રીતે, ધ્રુવ એક રીતે દીસે,
દીસે પરમ વિસ્તૃત તે વળી નિજ પ્રદેશોમાં વસે. ૨૭૩

૨૭૪
દીસે કષાયો એક રીતે, શાંતિ એક રીતે દીસે,
ભવદુ:ખ દીસે એક રીતે, એક રીત મુક્તિ અરે;
દીસે ત્રિલોક સ્ફુરે તથા ચૈતન્ય શોભે એકલો,
જય હો અહો! અદ્ભુતથી અદ્ભુત આત્મસ્વભાવનો. ૨૭૪

૨૭૫ (હરિગીત)
ત્રણ લોક થાયે મગ્ન એવો તેજરૂપી પુંજ જે,
જેમાં દીસે ભેદો અનેક તથાપિ એકસ્વરૂપ જે;
તત્વોપલબ્ધિ અછિન્ન છે,નિષ્કંપ જ્યોતિવંત છે,
ચૈતન્યનો ચમકાર આ જયવંત વર્તે છે ખરે. ૨૭૫

૨૭૬
જે અચળ ચેતનરૂપ આત્માને જ નિજ આત્મા વડે,
આત્મા મહીં અવિરતપણે રાખે નિમગ્ન સદાય ને;
નિર્મોહ, નિર્મળ પૂર્ણ જે, પ્રતિપક્ષી કર્મ નહિ અહો!
આ ઉદિત અમૃતચંદ્રજયોતિ સર્વ રીત પ્રકાશજો. ૨૭૬

૨૭૭
પરને સ્વનું સૌથી પ્રથમ થયું દ્વૈત જે અજ્ઞાનથી,
તે દ્વૈત થાતાં સ્વરૂપમાં અંતર પડ્યું જેના થકી;
અંતર થતાં જેનાથી બહુવિધ રાગ-દ્વેષ ગ્રહણ થયાં,
જેનાથી કારક ઉપજ્યાં, અનુભૂતિએ ફળ ભોગવ્યાં,
વિજ્ઞાનઘનના ઓઘમાં થયું મગ્ન તે અજ્ઞાન ને
તેથી નથી કંઇ પણ હવે, એ ભાવ પામ્યાં વિલયને. ૨૭૭

૨૭૮
વસ્તુતણા સાચા સ્વરૂપને સુરીતે જેણે કહ્યું,
આ સમયની વ્યાખ્યા તણું કર્તાપણું એ શબ્દનું,
નથી કાંઇ પણ કર્તવ્ય અમૃતચંદ્રસૂરિનું તેહમાં,
છે ગુપ્ત જે નિજના અમૂર્તિક જ્ઞાનમાત્ર સ્વરૂપમાં. ૨૭૮
——————-+——————+————————

પ્રત્યક્ષ